**FHS- 01**

# (BDP)

**સ્નાતક પદવી અભ્યાસક્રમ**

# (Bachelor's Degree programme)

**સ્વાધ્યાય કાર્ય**

**ઓગષ્ટ -2008**

પાઠ્યક્રમ : **FHS - 01**

## શીર્ષક : માનવવિદ્યાઓ અને સમાજવિજ્ઞાનોમાં બુનિયાદી અભ્યાસક્કમ

નોંધ : વિદ્યાર્થીએ નિયત સમય મર્યાદામાં બધા જ સ્વાધ્યાયકાર્ય અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મુલ્યાંકન થયા બાદ TMA (સ્વા–1 અને સ્વા–2) મુલ્યાંકન પત્રક સાથે અભ્યાસકેન્દ્ર પરથી અવશ્ય પરત લેવું.

**ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**આર.સી. ટેકનિકલ કમ્પાઉન્ડ,ન્યુ. ગુજરાત હાઈકૉર્ટ સામે,**
**સરખેજ–ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ–3800060.**

B A O U

# ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

આર.સી. ટેકનિકલ કમ્પાઉન્ડ,ન્યુ. ગુજરાત હાઈકૉર્ટ સામે,
સરખેજ–ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ–**3800060.**

**પાઠયક્રમ કોડ** :– FHS-01
**સ્વાધ્યાયકાર્ય** :– 01
**સ્વાધ્યાયકાય** :– FHS-01/AST-1/TMA-1/2008
**કુલ ગુણ** :– 100

વિભાગ–ક. વિવરણાત્મક શ્રેણી પ્રશ્નો : ૫૦૦ શબ્દોમાં જવાબ આપો (2x20=40)

1. સામાજિક આધારો તેમજ પૂર્વગ્રહનાં સ્વરૂપોની વિસ્તૃત ચર્ચા કરો.
   અથવા
   શિકારી તેમજ અન્ન સંગ્રાહક તરીકે માનવજીવનનો વિકાસક્રમ વર્ણવો.
2. સંસ્થાનવાદી શાસનની અસર અંગેના પાશ્ચાત્ય તેમજ ભારતીય દૃષ્ટિબિંદુઓ જણાવો.
   અથવા
   આયોજનક્ષેત્રે પ્રચલિત યોજનાઓની વ્યુહરચનાનો ખ્યાલ આપો.

વિભાગ–ખ. મધ્યમશ્રેણી પ્રશ્નો : ૨૫૦ શબ્દોમાં જવાબ આપો. (4x12=48)

3. ઓજાર નિર્માણને ક્ષેત્રે થયેલ ઉત્ક્રાંતિની સમજ આપો.
   અથવા
   સક્ષ્સ્કૃતિ અને જીવવિજ્ઞાનમાં પ્રચલિત સિદ્ધાંતોની છણાવટ કરો.
4. નદી ખીણ સભ્યતામાં ઈજીપ્તની સંસ્કૃતિનું સ્થાન સ્પષ્ટ કરો.
   અથવા
   સામંતવાદી વ્યવસ્થાનો ખ્યાલ સમજાવતા વિવિધ વિદ્વાનોના દષ્ટિકોણો દર્શાવો.
5. રાષ્ટ્રીય રાજયોના ઉદયની પ્રક્રિયાનું મહત્ત્વ નક્કી કરો.
   અથવા
   પૂર્વ સંસ્થાનવાદી અર્થકારણની લાક્ષણિકતાઓનું મૂલ્યાંકન કરો.
6. દ્વિતિય વિશ્વવિગ્રહ સમયના ભારતની રાજાકીય સ્થિતિનો ચિતાર આપો.
   અથવા
   વસ્તી અને વિકાસ વચ્ચેના આંતરસંબંધોનું પરીક્ષણ કરો.

વિભાગ–ગ. લઘુશ્રેણી પ્રશ્નો : ૧૦૦ શબ્દોમાં જવાબ આપો. (2x6=12)

7. ટૂંકનોંધ લખો. ( કોઈપણ બે )
   a) હડપ્પા સભ્યતાનું શહેરી આયોજન
   b) છદ્મ વિજ્ઞાન અને જાતિ
   c) બારડોલી સત્યાગ્રહ
   d) આયોજાનાં ઉપકરણો

XXXXXXXXXXX

# સ્વાધ્યાયકાર્ય :– 02

વિભાગ–ક. વિવરણાત્મક શ્રેણી પ્રશ્નો : ૫૦૦ શબ્દોમાં જવાબ આપો (2x20=40)

1. રાષ્ટ્રીય એકતા માટે સમસ્યારૂપ તત્ત્વોની વિસ્તૃત છણાવટ કરો.

અથવા

ભારતીય બંધારણના હાર્દરૂપ મુખ્ય લક્ષણોની ચર્ચા કરો.

2. વિકાસ એટલે શું? વિકાસની પ્રક્રિયામાં પ્રજાકીય સહભાગીદારીનું મહત્ત્વ દર્શાવો.

અથવા

નૂતન સંસ્થાનવાદનાં વિવિધ સ્વરૂપોનો ખ્યાલ આપો.

વિભાગ–ખ. મધ્યમશ્રેણી પ્રશ્નો : ૨૫૦ શબ્દોમાં જવાબ આપો. (4x12=48)

3. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી કૃષિક્ષેત્રે વિકાસની બદલાતી જતી ભારતીય તરેહનું વર્ણન કરો.

અથવા

લોકશાહી વિકેન્દ્રીકરણ અને સ્થાનિક સ્વરાજયને ક્ષેત્રે પ્રચલિત માન્યતાઓનું વિશ્લેષણ કરો.

4. ભારતીય શિક્ષણ પદ્ધતિમાં રહેલા સંસ્થાનવાદી તત્ત્વોનું નિરૂપણ કરો.

અથવા

ભારતીય સમાજમાં સ્ત્રીઓનાં સ્થાન સંદર્ભે પ્રચલિત ભ્રામક માન્યતાઓનો ખ્યાલ આપો.

5. નબળાવર્ગોની સ્થિતિ સુધારવા માટેની ઉત્કર્ષ પ્રેરક નીતિ પર વિસ્તૃત ચર્ચા કરી આ અંગે પ્રચલિત અનામત પ્રથાનું મૂલ્યાંકન કરો.

અથવા

સ્વાતંત્ર્યોત્તર ભારતની બિનસાંપ્રદાયિકતાની નીતિનું વિગતે પરીક્ષણ કરો.

6. ભારતની જનજાતિ સંસ્કૃતિઓની વિવિધ પરિપાટીઓ અને સમસ્યાઓનું વર્ણન કરો.

અથવા

ભારતીય બંધારણે અપનાવેલ સમવાયી પ્રથાનાં લક્ષણો વર્ણવો.

વિભાગ–ગ. લઘુશ્રેણી પ્રશ્નો : ૧૦૦ શબ્દોમાં જવાબ આપો. (2x6=12)

7. ટૂંકનોંધ લખો. ( કોઈપણ બે )

a) રાષ્ટ્રીય કૃષિ આયોગ

b) ઘ્ગત્પન અભિગમ ( Conservationist Approch )

c) રાષ્ટ્રીય શિક્ષણ પરિષદ – ૧૯૯૬

d) રંગભેદ સામે ભારતની લડત.

XXXXXXXXXXXXX

# સ્વાધ્યાયકાર્યઃ– 03

**સૂચના :– તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે. દરેક પ્રશ્નના 02 ગુણ છે.** **(50x2=100)**

1. પૂરેપૂરા કૌટૂંબિક વાતાવરણમાંરહેનાર સર્વપ્રથમ માનવી નીચેનામાંથી કોણ હતો. ?
   1. નિયોન ડરથલ માનવ  2. પીકીગ માનવ
   3. જાવા માનવ  4. રોડેશિયાઈ મનવ
2. ભારતમાં અનાજની ખેતીના સૌથી પ્રાચીન પૂરાવા કયાંથી મળ્યા છે. ?
   1. મેહરગઢ  2. કોલ્ડીહવા
   3. બેલનઘાટી  4. છોટાનાગપુરનો મેદાની પ્રદેશ
3. ભારતમાં અનાજની ખેતીના સૌથી પ્રાચીન પૂરાવા કયાંથી મળ્યા છે. ?
   1. કટ્ટરતાવાદ  2. ધર્માધતાવાદ  3. માનવતાવાદ  4. જ્ઞાતિવાદ
4. નીચેનામાંથી કયા મહાપુરુષ વૈજ્ઞાનિક ન હતા. ?
   1. કેલ્વિન  2. ન્યૂટન  3. કોપરનિકસ  4. ગેલેલિયો
5. તાઓવાદના પ્રચારક પ્રવર્તક કોણ હતા. ?
   1. કન્ફયૂશિયસ  2. લાઓત્સે
   3. અશો જરથેષ્ટ  4. પ્લેટો
6. છદ્મ વિજ્ઞાનની કઈ રીતોને કારણે જાતિ જિષયક પૂર્વગ્રહને બળ મળ્યું. ?
   1. બૌધ્ધિક પ્રાપ્તિ અંગેની કસોટીને કારણે
   2. ખોપરી અંગેના શારીરિક માપ – તોલને કારણે
   3. સાંસ્કૃતિક દૃષ્ટિએ પક્ષપાતપૂર્ણ અને નિર્બળ તાર્કિક આધારને કારણે
   4. ઉપરોકતમાંથી કોઈ પણ નહી
7. મૂલ્યનિર્ણય એટલે . . . . . . . .
   1. કોઈપણ ચીજ – વસ્તુની કિંમત અંગેનો સાચો નિર્ણય
   2. કોઈપણ વ્યકિતની પસંદગી પર આધારિત નિર્ણય
   3. સમય, સ્થળ અને સંજોગને અનુલક્ષીને કરવામાં આવતો ચીજ – વસ્તુની કિંમત બાબતનો નિર્ણય
   4. ઉપરોકતમાંથી કોઈ પણ નહી
8. પેલીઓલેથિક યુગ એટલે . . . . . .
   1. જૂના પાષાણ યુગ  2. મધ્ય પાષાણ યુગ
   3. નવો પાષાણ યુગ  4. આધુનિક પાષાણ યુગ
9. ‘ઝીમર્જી’ શું છે. ?
   1. લોહીમાં વ્યાપકપણે રહેલું એક ઘટક તત્ત્વ
   2. વાયુમાં વ્યાપકપણે રહેલું એક ઘટક તત્ત્વ
   3. દારૂ બનાવવા આથો ચઢાવવા માટે વપરાતું એક રસાયણ
   4. કૃત્રિમ રંગોને કુદરતી જેવા ચમકદાર બનાવવા માટે વપરાતું એક રસાયણ

10. નૃવંશશાસ્ત્ર કોને કહેવાય. ?
   1. મનુષ્યના નૈતિક અને ધાર્મિક જીવનનો અભ્યાસ કરતું શાસ્ત્ર
   2. મનુષ્યના દેહની સંરચનાનો અભ્યાસ કરતું શાસ્ત્ર
   3. મનુષ્યના જીવનનેસ્પર્શતા પર્યાવરણીય પ્રશ્નોનો અભ્યાસ કરતું શાસ્ત્ર
   4. મનુષ્યના ભૌતિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનનો અભ્યાસ કરતું શાસ્ત્ર
11. દ્વિપદીય એટલે . . . . .
   1. ચોપગાં પ્રાણીઓ    2. બેપગાં પ્રાણીઓ
   3. દ્વિપ(ટાપુ) પર વિચરતાં ભૂમિચર પ્રાણીઓ    4. દ્વિપ પર વિચરતાં જળચર પ્રાણીઓ
12. મેસેપોટેમિયા (ઈરાક) ની બે મુખ્ય નદીઓ નીચેનામાંથી કઈ કઈ છે. ?
   1. ગંગા – જમના    2. મિસિસિપિ – આર્કાન્સા
   3. ટાઈગ્રિસ – યુફ્રટિસ    4. હોંઆંગહો – મેકયાંગ
13. સામંતવાદી વ્યવસ્થાની બાબતે નોંધપાત્ર પ્રદાન કરનાર બેલ્જીયન વિચારક કોણ હતા. ?
   1. માર્ક બ્લોક (Marcblock)    2. પેરી એન્ડરસન
   3. હેન્રી પીરેન    4. કાર્લ માર્ક્સ
14. ધર્મસુધારણા કે પ્રોટેસ્ટંટ ક્રાતિના મુખ્ય જર્મન વિચારક અને સુધારક કોણ હતો. ?
   1. માર્ટીન લ્યુથર કીગ    2. માર્ટીન લ્યુથર
   3. જહોન વિકલીફ    4. ઝિવંગલી
15. પ્રસિધ્ધ ધર્મગ્રંથ બાઈબલનો અંગ્રેજીમાં સૌ પ્રથમ અનુવાદ કરવા માટે પ્રેરકબળ એવો ઈંગ્લેંન્ડનો ધર્મસુધારક કોણ હતો. ?
   1. જહોન વિકલીફ    2. માર્ટીન લ્યુથર કીગ
   3. કિંગ હેનરી આઠમો    4. માર્ટીન લ્યુથર
16. ગૌથિક શૈલીનૂં સ્થાપત્ય નીચેનામાંથી કઈ ખાસિયત ધરાવે છે. ?
   1. ગોળ – ગુંબજ વાળી સંરચના    2. ગોળ કમાન (આર્ચ) વાળું માળખું
   3. અણીવાળી ધારદાર કમાનોનું માળખું    4. ફૂલ – પાંદડીથી સુશોભિત માળખું
17. ગુલામને ‘આત્માયુકત સંપતિ’ (જીવતી સંપત્તિ) ની વ્યાખ્યા કોણે આપી. ?
   1. પ્લેટો    2. એરિસ્ટોટલ    3. મેકાયવિલી    4. ઈરાસ્મસ
18. કાયમી જમાબંધીનો સિદ્ધાંત કયા અંગ્રજ વહીવટકર્તાએ દાખલ કર્યો.. ?
   1. ગર્વનર જનરલ માર્કવિસ કોર્નવોલિસ    2. ગ.જ. માર્કવિસ ઓફ હેસ્ટિંગ્સ
   3. ગ.જ. અર્લ ઓફ ડેલહાઉસી    4. ગ.જ. અર્લ ઓફ ઓકલેન્ડ
19. ‘મોનાલીસા’ શબ્દ નીચેનામાંથી કઈ કલા સાથે સંકળાયેલ છે. ?
   1. મૂર્તિ કલા    2. સ્થાપત્ય કલા
   3. ચિત્ર કલા    4. સંગીત કલા

20. કૃષિદાસ (ખેતદાસ)ને નીચેનામાંથી કોના પર અધિકાર હતો. ?
   1. પોતાની જાત તથા પોતાના પરિવારની મહેનતની કમાણી પર
   2. માત્ર પોતાની જાતે કરેલી કમાણી પર (સમગ્ર પરિવારની કમાણી પર નહી)
   3. પોતાની મહેનત દ્વારા પ્રાપ્ત કરેલ ખેત ઉત્પાદન સિવાયની રકમ પર
   4. જમીનદાર દ્વારા મહેનતની કમાણી લઈ લીધા પછી અપાતા માત્ર જીવનનિર્વાહ પર
21. વરાળની શકિતનો પ્રથમ વ્યાવસાયિક પ્રયોગ કયાં કરવામાં આવ્યો. ?
   1. લોકોમોટિવ ચલાવવામાં 2. કાપડ વણાટ કરતી મિલોમાં
   3. કારખાનાઓમાં પોલાદ ઓગાળવા–ઢાળવામાં 4. દરિયાઈ જહાજોના સંચાલનમાં
22. સુએઝ નહેર બનવાથી કયા બે દેશો વચ્ચેનો દરિયાઈ માર્ગ અત્યંત ટૂંકો અને સસ્તો બની જવા પામ્યો. ?
   1. ભારત અને ચીન વચ્ચેનો 2. ઈંગ્લેન્ડ અને અમેરિકા વચ્ચેનો
   3. ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેનો 4. ભારત અને શ્રીલંકા વચ્ચેનો
23. લોકમાન્યની પદવી નીચેનામાંથી કયા રાષ્ટ્રીય નેતાને મળી. ?
   1. લાલા લજપતરાય 2. બિપિનચંદ્ર પાલ
   3. શ્રીમતી એની બેસન્ટ 4. બાલગંગાધર તિલક
24. ૧૯૧૭માં ચંપારણના ખેડૂતોએ શા માટે જન આંદોલન કર્યું. ?
   1. સરકાર દ્વારા બળપૂર્વક કરાવવામાં આવતી અફીણની ખેતી માટે
   2. સરકાર દ્વારા બળપૂર્વક કરાવવામાં આવતી ગળીની ખેતી માટે
   3. સરકાર દ્વારા બળપૂર્વક કરાવવામાં આવતી કપાસની ખેતી માટે
   4. સરકાર દ્વારા બળપૂર્વક કરાવવામાં આવતી શેરડીની ખેતી માટે
25. ૧૯૨૦માં સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની નીચે ગુજરાતના બારડોલીમાં સત્યાગ્રહ શા માટે થયો. ?
   1. સરકારે ખડૂતો પાસેથી લેવાતા જમીન મહેસૂલમાં કરેલા ૩૦% જેટલા વધારા સામે
   2. સરકારે સ્થાવર જંગમ મિલકતો પર જકાત વસૂલ કરવા જાહેરનામું બહાર પાડયું તેની સામે
   3. સરકારે ગુજરાતના ખેડૂતોને મોટી રકમનો દંડ ભરવા કહ્યો તેની સામે
   4. સરકારે ગુજરાતના ખેડૂતોને રાજકીય આંદોલનોથી અલગ રહેવા કહ્યું તે સામે
26. મલબારના મોપલા વિદ્રોહને બ્રિટિશ સરકારે નીચેનામાંથી કયું એક સ્વરૂપ આપ્યું છે. ?
   1. સામાજિક – ધાર્મિક આંદોલનનું 2. રાજકીય આંદોલનનું
   3. સામ્પ્રદાયિક અથવા કોમી આંદોલનનું 4. શૈક્ષણિક આંદોલનનું
27. નીચે આપેલા બે વિભાગોમાં ભારતમાં જાણીતાં લોકઆંદોલનો અને તેના અગ્રેસરોનાં નામ આપ્યા છે. તેની નીચે આપેલા કુલ ચાર જવાબોમાંથી સંપૂર્ણ સાચા એક જવાબને ઓળખી તેનો ક્રમ દર્શાવો.

| વિભાગ – ૧ | વિભાગ – ૨ |
|---|---|
| 1. અવધ | 1. રાજકુમાર સુકુલ |
| 2. ચંપારણ | 2. મોતીલાલ તેજાવત |
| 3. બારડોલી | 3. બાબા રામચંદ્ર |
| 4. ઉદયપુર – મેવાડ | 4. વલ્લભભાઈ પટેલ |

**અ.** ક–૧, ખ–૨, ગ–૩, ઘ–૪ **બ.** ક–૨, ખ–૩, ગ–૧, ઘ–૪
**ક.** ક–૩, ખ–૧, ગ–૪, ઘ–૨ **ડ.** ક–૪, ખ–૧, ગ–૨, ઘ–૩

28. 'સત્યાગ્રહ' દ્વારા ગાંધીજીએ દર્શાવેલ આંદોલનનો માર્ગ એટલે ... . . . .
   1. સત્તાને આધારે સત્યનો વિરોધ કરવાની રીત
   2. સત્યને આધારે સત્તાનો વિરોધ કરવાની રીત
   3. હિંસાને આધાર સત્તાનો વિરોધ કરવાની રીત
   4. ઉપરોકતમાંથી કોઈ પણ નહી

29. 'બિહાર કિસાન સભા' ના સ્થાપક નેતા કોણ હતા. ?
   1. સ્વામી વિદ્યાનંદ   2. બાબા રામચંદ્ર
   3. મોતીલાલ તેજાવત   4. રાજકુમાર સુકુલ

30. 'અખિલ ભારતીય હરિજન સેવા સંઘ' ની સ્થાપના કોણે કરી. ?
   1. સ્વામી સહજાનંદ સરસ્વતી   2. સ્વામી દયાનંદ સરસ્વતી
   3. મહાત્મા ગાંધીજી   4. સંત વિનોબા ભાવે

31. એક મિશ્રિત અર્થ વ્યવસ્થામાં મોટે ભાગે-------
   1. સાર્વજનિક અને ખાનગી ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવે છે.
   2. સહકારીક્ષેત્રનું વર્ચસ્વ સ્થાપિત કરવામાં આવતું હોય છે.
   3. સાર્વજનિક ક્ષેત્રની સંયુકત માલિકી સ્વીકારવામાં આવતી હોય છે.
   4. સમયની સાથે સાથે રાજયની ભૂમિકામાં વૃદ્ધિ થતી રહે છે.

32. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પૂર્વે 'મુંબઈ યોજનાનું' ઘડતર કોણે કર્યુ. ?
   1. જૈ. આર. ડી. ટાટાની અધ્યક્ષતા નીચેના 08 ઉદ્યોગપતિઓના જૂથે
   2. મહાત્મા ગાંધીજીની અધ્યક્ષતા નીચેના 08 રાજકીય નેતાઓના જૂથે
   3. સરદાર વલ્લભભાઈ પટેલની અધ્યક્ષતા નીચેના 08 ખેડુત નેતાઓના જૂથે

33. ભારતીય અર્થવ્યવસ્થામાં અત્યંત ઝડપથી વિકસી રહેલું ક્ષેત્ર કયું છે. ?
   1. સાર્વજનિક ક્ષેત્ર   2. કૃષિ – પશુપાલન ક્ષેત્ર   3. ઔદ્યોગિક ક્ષેત્ર   4. સેવા ક્ષેત્ર

34. છદ્મ બેકારી એટલે-----
   1. સ્વૈચ્છિક બેકારી   2. સંરચનાત્મક બેકારી
   3. મૌસમી (સીઝનલ) બેકારી
   4. એવી સ્થિતિ કે જેમાં લોકો દેખીતી રીતે કામમાં રોકાયેલ હોય પરંતુ વાસ્તવમાં બેકાર હોય

35. ભારતમાં જરૂર કરતાં વધુ વસ્તી હોવાનું કારણ-----
   1. અલ્પ વિકસિત જનમાનસ   2. પછાત કૃષિ–ઉદ્યોગ
   3. ઉચ્ચત્તમ જન્મદર   4. ઉ,રોકત તમામ લક્ષણોની હાજરી

36. 'પેપિરસ' શબ્દ નીચેનામાંથી કોના માટે વપરાય છે. ?
   1. પિરામિડ   2. ઈજીપ્તની દેવી   3. નાઈલ નદીનો પ્રવાહ   4. એક પ્રકારનો છોડ

37. 'વર્ણાકયૂલર પ્રેસ એકટ' ની રચના પાછળનો મુખ્ય આશય શો હતો. ?
   1. બ્રિટિશ શાસન દરમ્યાન પ્રેસની આઝાદીમાં વૃદ્ધિ કરવી.
   2. બ્રિટિશ શાસનની વધતી જતી ટીકા – ટિપ્પણી પર નિયંત્રણ મૂકવો.
   3. વ્યાવસાયિક કેળવણીને ઉત્તેન આપવું.
   4. ભારતીય અને સાંસ્થાનિક પ્રેસ વચ્ચે મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જવું.

38. 'હરિયાળી ક્રાન્તિ' શબ્દ નીચેનામાંથી કોની સાથે સંકળાયેલ છે. ?
   1. ઔદ્યોગિક વૃદ્ધિ   2. ધન ઉત્પાદન વૃદ્ધિ   3. કૃષિ ઉત્પાદન વૃદ્ધિ   4. જનસંખ્યા વૃદ્ધિ

39. ભારતીય બંધારણનો અમલ કયારથી કરવામાં આવ્યો. ?
1. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ 2.૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ 3.૨૬ જાન્યુઆરી, ૧૯૪૯   4.૨૬ જાન્યુઆરી, ૧૯૫૦

40. ભારતની સર્વોચ અદાલત અનુસાર ભારતીય બંધારણનું આમુખ એટલે----
    1. બંધારણના આત્મારૂપ એક ભાગ
    2. બંધારણનો એક બિનજરૂરી ભાગ
    3. બંધારણનો પ્રથમ અધ્યાય
    4. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવતો અધ્યાય
41. હિંદી રાષ્ટ્રીય મહાસત્તાના પ્રથમ પ્રમુખ કોણ હતા. ?
    1. દાદાભાઈ નવરોજજી 2. વ્યોમેશચંદ્ર બેનરજી 3.બદરૂદીન તૈયબજી 4.સૂરેન્દ્રનાથ બેનરજી
42. ભારતીય રાષ્ટ્રીય ક્રોંગ્રેસ. . . . . . . .
    1. ૧૯૩૭ ની ચૂંટણીઓમાં સંપૂર્ણપણે ભાગ લીધો.
    2. ૧૯૩૭ ની ચૂંટણીઓનો સંપૂર્ણપણે વિરોધ કર્યો.
    3. ૧૯૩૭ ની ચૂંટણીઓથી માત્ર આંશિક રૂપે અલગ રહેવું અસંદ કર્યુ.
    4. ૧૯૩૭ ની ચૂંટણીઓમાં માત્ર આંશિક રૂપે ભાગ લીધો.
43. ઐતિહાસિક આધારે કદીએલો સામંતવાદનુંસ્થાન કોની કોની વચ્ચે છે. ?
    1. સંપૂર્ણ પણે ગુલામી સમાજ અને આધુનિક મૂડીવાદી સમાજ
    2. ખેત ગુલામોના સમાજ અને સમાજવાદ વચ્ચે
    3. સમાજવાદ અને સામ્યવાદ વચ્ચે
    4. સામ્યવાદ અને આધુનિક જનસમાજ વચ્ચે
44. 'પૃથ્વી ગોળ છે અને પોતાની ધરી પર ફરે છે.' એવું સર્વપ્રથમ કોણે પ્રસ્થાપિત કરવા પ્રયાસ કર્યો. ?
    1. ગેલેલિયો 2. કોપરનિકસ 3. આઈનસ્ટાઈન 4. ન્યૂટન
45. ભારતમાં રાષ્ટ્રીય રાજયની ભાવનાનો ઉદ્ભવ કયારથી થયો. ?
    1. ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધથી 2. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામથી
    3. ૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના પછીની ચળવળોથી 4. ૧૯૪૭ની સ્વાતંત્ર્ય પ્રાપ્તિથી
46. અશોક મહેતા સમિતિનું ગઠન કઈ બાબતે કરવામાં આવ્યું ?
    1. પંચાયતી રાજ વ્યવસ્થા બાબતે 2. કેન્દ્ર – રાજય સંબંધો બાબતે
    3. વહીવટી સુધારાઓ બાબતે 4. નાણાકીય સાધનોની વહેંચણી બાબતે
47. જયપ્રકાશ નારાયણના મત અનુસાર
    1. ગ્રામ સમુદાયોને તમારી શકિત અને સત્તા આપવી જોઈએ.
    2. ગ્રામ સમુદાયોને કોઈ જ શકિત અને સત્તા આપવી જોઈઅ નહી.
    3. વહીવટીતંત્રમાં કેન્દ્રીયકરણ કરવું જોઈએ.
    4. સ્થાનિક સ્વરાજની સંસ્થાને પ્રાધાન્ય આપવું જોઈએ.
48. પંચાયતી રાજય પ્રથાનો પ્રારંભ કયા વર્ષથી થયો. ?
    1. ૧૯૫૦ 2. ૧૯૫૨ 3. ૧૯૫૬ 4. ૧૯૫૮
49. ભારતમાં શિક્ષણનો ઉચ્ચતમ દર નીચેનામાંથી કયા રાજયમાં છે. ?
    1. ગુજરાત 2. કેરળ 3. મહારાષ્ટ્ર 4. મધ્યપ્રદેશ
50. બહુરાષ્ટ્રીય કંપની એટલે ?
    1. એવી વ્યાપારિક પેઢી કે જેના પર ઘણા દેશોનું પ્રભુત્વ હોય
    2. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રચલિત બીજા રાષ્ટ્રની સરકારી સંસ્થા
    3. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે (ઘણા બધા દેશોમાં) આર્થિક પ્રવૃતિ કરતી ખાનગી પેઢી
    4. સંયુકતરાષ્ટ્ર દ્વારા પ્રસ્થાપિત પેઢી

**ઓગષ્ટ-2008**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

આર.સી.ટેકનિકલ કમ્પાઉન્ડ,નવી ગુજરાત હાઈકોર્ટ સામે,
સરખેજ ગાંધીનગર હાઈવે,સોલા,અમદાવાદ–380060.

## કમ્પ્યુટર મૂલ્યાંકિત સ્વાધ્યાયકાર્યના જવાબ દર્શાવવા માટેનું જવાબપત્રક

અભ્યાસકેન્દ્રને મોકલવાની અંતિમ તા. 10-01-2009

નોંધણી ક્રમાંક : ..................................................... અભ્યાસક્રમ : **BDP**.

વિદ્યાર્થીનું નામઃ ..................................................... પાઠ્યક્રમ સંજ્ઞા : **FHS-01**

અને સરનામુ ..................................................... સ્વાધ્યાય કાર્ય સંજ્ઞા : ..............................

..................................................... વિદ્યાર્થીની સહી : ..............................

..................................................... તારીખ : ..............................

પીન કોડ : .............................. અભ્યાસ કેન્દ્ર : ..............................

| પ્રશ્ન ક્રમાંક | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જવાબ | | | | | | | | | | |
| પ્રશ્ન ક્રમાંક | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| જવાબ | | | | | | | | | | |
| પ્રશ્ન ક્રમાંક | 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| જવાબ | | | | | | | | | | |
| પ્રશ્ન ક્રમાંક | 31 | 32 | 33 | 34 | 35 | 36 | 37 | 38 | 39 | 40 |
| જવાબ | | | | | | | | | | |
| પ્રશ્ન ક્રમાંક | 41 | 42 | 43 | 44 | 45 | 46 | 47 | 48 | 49 | 50 |
| જવાબ | | | | | | | | | | |

**ફક્ત કાર્યાલયના ઉપયોગ માટે**

Entered by .............................. Total Questions Attempted : ..............................

Verified by .............................. Wrong Answers : ..............................

Total Marks : ..............................

Grade Obtainded : ..............................